દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૧ વર્ષ


સોમવાર ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૪

# એકપણ પક્ષને તેમના ધારાસભ્ય ઉપર ભરોસો નથી અને મતદારોને ધારાસભ્યો પર

ભારત એવો દેશ છે જ્યાં ધારાસભ્યો અને પક્ષના નેતાઓની સામાજિક કાર્યોની યાદી કરતાં કદાચ તેમના પક્ષ બદલવાની યાદી મોટી થઇ જતી હશે. એક પણ પક્ષને તેમના ધારાસભ્યો ઉપર ભરોસો નથી. ક્યારે કયો ધારાસભ્યો કઇ પાર્ટીમાં જોડાઇ જાય તે નક્કી હોતું નથી. અહીં વિચારધારાને કોઇ જ સ્થાન નથી માત્રને માત્રને માત્ર મંત્રી પદ મળે ત્યાં ધારાસભ્ય જોડાઇ જાય છે. પ્રજા ચૂંટીને જેને મોકલે છે તેવા ધારાસભ્યો પ્રજાની પીઠમાં જ ખંજર મારી રહ્યાં છે તો પાર્ટી કઇ મોટી વાત છે. આ જ કારણ છે કે હવે પ્રજાને એટલે કે મતદારોને તેમના ધારાસભ્યો ઉપર વિશ્વાસ નથી અને પક્ષના નેતાઓને તેમના ધારાસભ્યો ઉપર વિશ્વાસ નથી. આજ કારણ છે કે, કોઇપણ રાજ્યમાં જ્યારે કોઇ મુખ્યમંત્રીએ વિશ્વાસ મત પ્રાપ્ત કરવાનો હોય ત્યારે તેના ધારાસભ્યોને સંપર્ક વિહોણા કરી કોઇ રિસોર્ટમાં મોકલી આપવામાં આવે છે. પાર્ટીને તેમના ધારાસસભ્યો ભરોસો નહીં હોવાના કારણે જ આવું કરવામાં આવે છે તે વાત કોઇ જ નકારી શકે તેમ નથી. હાલમાં બિહારમાં આવું જ કઇ ચાલી રહ્યું છે.

નીતિશ સરકાર આજે સોમવારે બિહારમાં ફ્લોર ટેસ્ટ કરશે. આ પહેલાં અહીં રાજકીય ગરમાવો વધી ગયો છે. તેમના ધારાસભ્યો છૂટા ન પડે તેની ખાતરી કરવા માટે, આરજેડી, જેડીયુ, કોંગ્રેસ અને ભાજપે પોતાની જાતને બેરિકેડ કરી છે. આરજેડી નેતા તેજસ્વી યાદવે શનિવારે, 10 ફેબ્રુઆરીએ પાર્ટીના તમામ ધારાસભ્યોને તેમના નિવાસસ્થાન પર બોલાવ્યા હતા, જ્યારે ભાજપ તેમના ધારાસભ્યોને ટ્રેનિંગના બહાને બોધગયા લઈ ગયા છે. તે જ સમયે, નીતિશ કુમારની પાર્ટી જેડીયુના 5 ધારાસભ્યો મંત્રી શ્રવણ કુમારના ઘરે આયોજિત લંચમાં સામેલ થયા ન હતા, જેના પછી ઘણી અટકળો લગાવવામાં આવી રહી છે. કોંગ્રેસના ધારાસભ્યો ફ્લોર ટેસ્ટ માટે આજે સવારે 11 વાગ્યે હૈદરાબાદથી પટના પહોંચશે અને એરપોર્ટથી સીધા તેજસ્વીના ઘરે જશે. સૂત્રોના જણાવ્યા અનુસાર ફ્લોર ટેસ્ટ પહેલાં બિહારમાં તપાસ એજન્સીઓ ઈડી અને ઈન્કમટેક્સ સક્રિય થઇ ગઇ છે. કેટલાક રાજકીય પક્ષો અને નેતાઓ વચ્ચે નાણાંની શંકાસ્પદ લેવડદેવડને ધ્યાનમાં રાખવામાં આવી રહી છે. ગઈકાલની બેઠક પછીથી તેજસ્વી યાદવે પોતાના ધારાસભ્યોને પોતાના બંગલે જ રોકી રાખ્યા છે. ત્યાં ધારાસભ્યોના નાસ્તા, ભોજન અને મનોરંજનની વ્યવસ્થા કરવામાં આવી છે. સીપીઆઇ (એમએલ) સહિત ડાબેરી પક્ષોના તમામ 16 ધારાસભ્યો સવારે તેજસ્વીના ઘરે પહોંચ્યા હતા. અહીં બધાએ નાસ્તો કર્યો. મોડી રાત્રે સંગીતનો કાર્યક્રમ પણ ચાલ્યો. ચૌધરી યુસુફ કૈસર, ચેતન આનંદે ગીતો ગાઈને ધારાસભ્યોનું મનોરંજન કર્યું હતું. અહીંથી તેઓ 12મી ફેબ્રુઆરીએ વિધાનસભાના બજેટ સત્રમાં જશે. આરજેડીએ પોતાના ધારાસભ્યો માટે વ્હીપ પણ જાહેર કર્યો છે. તેજસ્વી રવિવારે બપોરે પોતાના ધારાસભ્યો સાથે ક્રિકેટ પણ રમશે. પટનાના ધારાસભ્ય બહાર છે. તેમના વિશે એવું કહેવામાં આવી રહ્યું છે કે તેમને સત્તાધારી પાર્ટી તરફથી લોકસભા સીટની ઓફર કરવામાં આવી છે. જિલ્લામાં મુસ્લિમ રાજકારણને કારણે સિવાનના ધારાસભ્યો નેતૃત્વથી નારાજ છે. ભાજપે પોતાના 78 ધારાસભ્યોને બોધગયામાં રાખ્યા છે. વર્કશોપ અહીં રવિવારે સવારે 11થી સાંજના 4 વાગ્યા સુધી ચાલશે. આ ધારાસભ્યો આવતીકાલે ફ્લોર ટેસ્ટ માટે સીધા પટના પહોંચશે. દરભંગા જિલ્લાના એક ધારાસભ્ય અને પશ્ચિમ ચંપારણના એક ધારાસભ્ય વર્કશોપમાં ગેરહાજર રહ્યા હતા. ડેપ્યુટી સીએમ સમ્રાટ ચૌધરીએ કહ્યું- ટ્રેનિંગમાં સભ્યોને ગૃહની માહિતી આપવામાં આવી રહી છે. દરભંગા જિલ્લાના ધારાસભ્ય તેમના મતવિસ્તારના સમીકરણને કારણે ચિંતિત છે. તે જ સમયે, પશ્ચિમ ચંપારણના ધારાસભ્ય પક્ષ સાથે છે, પરંતુ ભાજપ નેતૃત્વ તેમના પક્ષમાંથી ન આવવા અંગે કોઈ સ્પષ્ટ માહિતી મેળવી શક્યું નથી. રવિવારે સાંજે મંત્રી વિજય ચૌધરીના ઘરે JDU ધારાસભ્યોની બેઠક પણ યોજાવાની છે. જેડીયુએ શનિવારે આ અંગે વ્હીપ જાહેર કર્યો હતો. અમે પાર્ટીએ ધારાસભ્યોને વ્હીપ પણ જારી કર્યો છે. આ પહેલાં તમામ 45 ધારાસભ્યોને શનિવારે મંત્રી શ્રવણ કુમારના સત્તાવાર નિવાસસ્થાને ડિનર માટે બોલાવવામાં આવ્યા હતા. માત્ર 39 આવ્યા. વિજય ચૌધરીએ કહ્યું- જે નથી આવ્યા તેઓ માહિતી લઈને આવ્યા નથી. દરેક વ્યક્તિ સંપર્કમાં છે. દિલીપ રાય, ડૉ. સંજીવ કુમાર, શાલિની મિશ્રા, સુદર્શન, અશોક કુમાર ચૌધરી અને બીમા ભારતી ડિનરમાં હાજર નહોતાં. આ ધારાસભ્યોએ હજુ સુધી કોઈ માહિતી આપી નથી કે તેઓ કેમ આવ્યાં નથી.

## ‘ચોપાટીને બાંકડેથી’- ચિંતનપ્રધાન હાસ્યનિબંધો




નવલકથાકાર, વાર્તાકાર, એકાંકીકાર તરીકે જાણીતા ચુનીલાલ મડિયા હાસ્યનિબંધો પર પણ હાથ અજમાવે છે. ‘વક્રગતિ’ ઉપનામે લખેલા આ હાસ્યનિબંધો ‘સંસ્કૃતિ’ માસિકમાં ‘ચોપાટીને બાંકડે’ શીર્ષક હેઠળ પ્રગટ થયા હતા. કેટલાક હાસ્યનિબંધો ‘સંસ્કૃતિ’ સિવાયનાં વિવિધ સામયિકોમાં પ્રગટ થયાં હતાં. ‘ચોપાટીને બાંકડેથી’માં કુલ 24 હાસ્યનિબંધોનો સમાવેશ થયો છે.

ભાષા, સાહિત્ય, જોડણી, ઉચ્ચારણ સંબંધિત એકથી વધુ હાસ્યનિબંધો અહીં મળે છે. વાત ભલે અહીં હળવાશથી થઈ હોય, પણ મડિયાની આ બાબતે નિસબત પ્રગટ થઈ છે. ‘શુદ્ધ શું? અશુદ્ધ શું’ હાસ્યનિબંધ ભાષાશુદ્ધિ અને ઉચ્ચારણ શુદ્ધિ સંદર્ભે પિષ્ટપેષણ પ્રગટ કરે છે. અશુદ્ધ ઉચ્ચારણને કારણે નિપજતી ગરબડો અહીં ઉદાહરણ સાથે ટાંકવામાં આવી છે. જેમ કે, ‘‘... ‘શરણબેન ગુસ્સે થયાં છે’ એમ બોલનાર પ્રત્યે સાંભળનાર જ ગુસ્સે થાય એમાં શી નવાઈ?’’ (પા.35) ‘જિયો ભદ્રંભદ્ર!’માં પણ ભાષાની મજા છે. ભદ્રંભદ્ર નિમિત્તે સ્પષ્ટ ઉચ્ચારણ અને તત્સમ ભાષાપ્રયોગથી જે ભાષાકીય રમૂજ ઉત્પન્ન થાય છે એનો સંકેત કરે છે. તત્સમ શબ્દપ્રયોગને કારણે એક અધિકારીને થયેલી મૂંઝવણ આ રીતે વ્યક્ત થઈ છે, ‘‘વમ્રચૂર્ણ શબ્દને હિંગાષ્ટક ચૂર્ણનો સમોવડિયો સમજીને એમણે આયુર્વેદ ઔષધાલયમાં તપાસ કરાવી, પણ પછી જાણવા મળ્યું કે ‘વમ્રચૂર્ણ’ તો અંગ્રેજી ‘સિમેન્ટ’ માટે યોજાયેલો શુદ્ધ સંસ્કૃત પ્રયોગ છે.’’ (પા.45) ‘ભ્રષ્ટ જોડણીનો ઝંડો’માં મરાઠી ભાષા નિમિત્તે ગુજરાતી ભાષાની જોડણી વિશે હળવાશથી વિચાર કરવામાં આવ્યો છે. જોડણી અને ઉચ્ચારણ બાબતે જોડણીકોશ આવ્યા પછી પણ અંતંગતા વ્યાપી છે એ વિશે મડિયા જણાવે છે, ‘‘આપણાં વ્યવહારડાહ્યાં લોકો તો ‘જોડે તે જોડણી’ એ સૂત્રમાં માને છે અને ઉચ્ચારની બાબતમાં પણ ચામડાની જીભને જેમ વળે તેમ વળવા દે છે.’’ (પા.57) ‘પ્રાસનો ત્રાસ’માં માનવસહજ વાતનો આ રીતે સ્વીકાર થયો છે,’’ સાચી વાત તો એ છે કે આ પ્રકારનો પ્રાસ-પ્રેમ પ્રાણીમાત્રના લોહીમાં રહેલો છે.’’ (પા.61)- આ નિબંધમાં વર્ણસગાઈ અલંકારના અતિરેકથી થતી ગરબડોને નિરૂપી છે.

આ વિષય સિવાયના હાસ્યનિબંધોમાં જગતને જોવાની તિર્યક્ દૃષ્ટિનો અનુભવ થાય છે. પ્રથમ હાસ્ય નિબંધ ‘મોહમયી મુંબઈ’માં ક્રિકેટ, કૃષ્ણમૂર્તિનાં વ્યાખ્યાનો, કુશ્તી, કુમકુમપત્રિકા, કવિસંમેલન - વગેરે પ્રસંગો નિમિત્તે મુંબઈગરાઓ કેવી રીતે વર્તે છે એનું વર્ણન છે. મુંબઈમાં લગ્નની મોસમ આવે છે અને મોંઘીદાટ કુમકુમપત્રિકાઓ ફરતી થાય છે. મડિયા લખે છે, ‘‘આજની ભપકાદાર કંકોતરીઓ જોઈને ભલભલા ભીષ્મ પિતામહોને પણ પરણવાનું મન થઈ જાય એવું છે.’’ (પા.21) ‘ગ્રંથની ગડબડ’માં વિવિધ વિષયનાં પુસ્તકોની વાત થઈ છે. રસોઈકથાનાં પુસ્તક, ધર્મનાં પુસ્તક, રેસકોર્સના પુસ્તક, કોશ વગેરે વિશે અહીં પિષ્ટપેષણ કહી શકાય એવી ચર્ચા થઈ છે.




સંપાદન: ધ્વનિલ પારેખ

‘શ્યામ રંગ સમીપે જ જાવું?’માં દયારામની પંક્તિ કરતાં ઊલ્ટું છે. કાળો રંગ અને કાળો રંગ ધરાવતી શ્યામસુંદરી વિશે અહીં આલેખન છે. ‘કાદવનું કાવ્ય’ પણ કાળા રંગનો મહિમા કરે છે. ‘હિમધવલ ઉજ્જવળતામાં થોડી કાળાશ હોવી આવશ્યક છે.’ (પા.79) અને ‘માટી-કાદવમાં રહેલું કાવ્યત્વ હજી આપણને સમજાયું નથી.’-એવાં ચિંતનાત્મક વાક્યો કહ્યા પછી કાદવનો મહિમા કરવામાં આવ્યો છે. મડિયાના આ હાસ્યનિબંધો હાસ્યનો આછેરો સ્પર્શ દર્શાવી ચિંતનમાં સરી પડે છે. ચંદ્રકાન્ત શેઠે પણ જણાવ્યું છે, ‘‘આમ ચોપાટીને બાંકડેથી જે સમાજનું વક્રગતિને દર્શન થયું, તેને કેન્દ્રમાં રાખી જીવનસમગ્રને સ્પર્શે એવા સાંપ્રત પ્રશ્નોને તેણે છેડ્યા છે. જે સ્થગિત થઈ ગયું છે એને હચમચાવવાનો આ નિબંધલેખન પણ એક તરીકો છે.’ (આમુખ)

હાસ્ય નિબંધ લેખકનું લક્ષ્ય હોવાને કારણે ભાષાની મજા પણ ક્યાંક માણવા મળે છે. ‘જબ શાયર પર કુત્તા આયા’ હાસ્યનિબંધમાં શ્વાન પ્રાણીની ખાસિયત આ રીતે દર્શાવી છે, ‘શ્વાન એ સમગ્ર ચો-પગી સૃષ્ટિમાં અત્યંત સમજુ, વિલક્ષણ અને વિવેકસંપન્ન પ્રાણી છે. આવાં વિવેકસંપન્ન પ્રાણીઓએ વાગીશ્વરોના વિનમ્ર સેવકો પ્રત્યે આવો અવિવેક શા કારણે આચર્યો- અથવા આચરવો પડ્યો - એ સવાલ વિવેકપૂર્ણ વિચારણા માગી લે છે.’’ અહીં વર્ણસગાઈ અલંકાર થકી નિષ્પન્ન થતી ભાષાની મજા માણી શકાય છે. એમના ગદ્યમાંથી ક્યાંક કટાક્ષનો સ્પર્શ પણ અનુભવાય છે. જેમ કે, ‘જબ શાયર પર કુત્તા આયા’ હાસ્ય નિબંધમાં કહે છે, ‘‘એનાં ‘ડાંઉ ડાંઉ’ કે ‘હાવ હાવ’ વડચકાં આપણે માટે તો, ગમે તેટલાં અર્થઘન હોય તો પણ અર્વાચીન કવિતા જેટલાં જ દુર્બોધ બની રહે છે.’’ (પા.39) ‘કાદવનું કાવ્ય’ હાસ્યનિબંધમાં કહે છે,’’ હોલિવૂડની અભિનેત્રીઓની જેમ આપણી ભેંસો જેવાં પ્રાણીને વાચા હોત તો કાદવસ્નાનમાં રહેલો કાવ્યાનંદ એ જરૂર કાવ્યમય બાનીમાં વ્યક્ત કરી શકત. (પા.80) ચુનીલાલ મડિયાનું આ હાસ્યનિબંધોના ગદ્યમાં પણ વર્ણસગાઈ અલંકારનું વર્ચસ્વ રહ્યું છે. યશવંત દોશીએ આ હાસ્યનિબંધો વિશે નોંધ્યું છે, ‘‘મોટા ભાગના નિબંધોમાં એમણે એક સાથે બે પંખી મારવાનો - હાસ્ય ઉપજાવવાનો અને કોઈક વિચાર દર્શાવવાનો, કોઈક મંતવ્ય રજૂ કરવાનો, કંઈક ટીકાટિપ્પણી કરવાનો - આશય રાખ્યો હોય એમ જણાય છે.’’ (અંતિમ પૃષ્ઠ) - આ નિબંધો ખડખડાટ કે મરક મરક હસાવતા નિબંધો નથી. લેખક એને હળવી રીતે રજૂ કરે છે પણ એ સાદ્યંત હાસ્યનિબંધો નથી. ચિંતનનો સ્પર્શ અહીં વધારે સઘન છે અને એમાંથી ક્યારેક હાસ્યકણિકાઓ કે કટાક્ષકણિકાઓ નિપજી આવે છે.

**[ચોપાટીને બાંકડેથી, ચુનીલાલ મડિયા. 2023. પાર્શ્વ પ્રથમ આવૃત્તિ, અમદાવાદ મૂ.રૂ.135]**

## ‘જીવનપાથેય’: પ્રશિષ્ટ કૃતિનો સુવાચ્ય અનુવાદ




વિશ્વ સાહિત્યમાં કેટલીક કૃતિઓ એવી છે, કે જેમના વિશ્વની મોટા ભાગની ભાષામાં અનુવાદ થયા હોય. વળી, એ કૃતિના જે તે ભાષામાં પણ એકથી વધુ અનુવાદો થયા હોય. આવી કૃતિ પ્રશિષ્ટમાં સ્થાન પામતી હોય છે. ખલીલ જિબ્રાનની કૃતિ ‘ધ પ્રોફેટ’ પણ એવી જ પ્રશિષ્ટ કૃતિ છે. ગુજરાતીમાં ‘જિબ્રાનની વાણી’ કે ‘વિદાય વેળાએ’ વગેરે શીર્ષક હેઠળ આ કૃતિના અનુવાદો થયા છે. નીના ભાવનગરી ‘જીવનપાથેય’ નામે ‘ધ પ્રોફેટ’નો ભાવાનુવાદ આપે છે.

ખલીલ જિબ્રાનનો જન્મ 1883માં થયો હતો અને ‘ધ પ્રોફેટ’નું પ્રકાશન 1923માં થયું હતું. નીના ભાવનગરીનો અનુવાદ પણ એના સો વર્ષ પછી પ્રગટ થાય છે અથવા તો એમ કહીએ કે સો વર્ષ નિમિત્તે જ ‘જીવનપાથેય’નું પ્રકાશન કરવામાં આવ્યું છે. લેબેનોનમાં જન્મેલા જિબ્રાને પચ્ચીસ પુસ્તકો લખ્યાં, પણ એમાં સર્વાધિક લોકપ્રિય ‘ધ પ્રોફેટ’ થયું. વિશ્વમાં શેક્સપિયર અને લાઓત્સુ પછી ત્રીજા મહત્ત્વના લેખક જિબ્રાન છે. ધૂમકેતુએ જિબ્રાનનો અર્થ આત્માનો વેદ્ય અને ખલીલ એટલે પ્રેમભર્યો મિત્ર એવો આપ્યો છે. આ પુસ્તક મનુષ્ય - મનુષ્ય વચ્ચેના સંબંધોને આપણી સમક્ષ પ્રગટ કરે છે. મનુષ્ય અને પ્રકૃતિ વચ્ચેનો સંબંધ પણ એમાં કેન્દ્રસ્થાને છે.

આ પુસ્તક ‘જીવનપાથેય’ની શૈલી પ્રશ્નોત્તર રૂપે છે. દેવદૂત અને ઓફેલીસ નગરના રહેવાસીઓ વચ્ચે વાર્તાલાપ થાય છે. રહેવાસીઓ પ્રેમ, પરિણય, શિશુઓ, દાન, ખાનપાન, વસ્ત્રો, કાશ્ન, સ્વાતંત્ર્ય, પીડા, આત્મજ્ઞાન, શિક્ષણ, મૈત્રી, પ્રાર્થના, સૌંદર્ય, ધર્મ, મૃત્યુ વગેરે વિષયો પર પ્રશ્ન પૂછે છે. ઉત્તરમાં દેવદૂત જે કહે છે, જે ચિંતન પ્રગટાવે છે, એ આ પુસ્તકનું વિષયવસ્તુ છે.

જે તે મુદ્દા વિશેનું ચિંતન દેવદૂત દૃષ્ટાંત સાથે પ્રગટાવે છે ત્યારે એનું મહત્ત્વ રહેવાસીઓને સરળતાથી સમજાઈ જાય છે. ‘કર્મ’ની વ્યાખ્યા કે એનું મહત્ત્વ આ રીતે સમજાવ્યું છે, ‘‘ખેડૂત હો તો ખેતરમાં બીજ એવી રીતે રોપો અને પછી પાક એવી રીતે લણો કે જાણે તમારી પ્રિયા એમાંથી ભોજન કરવાની હોય! સંક્ષેપમાં પોતાને ભાગે આવેલું કોઈ પણ કામ એમાં લાગણી રેડીને નિષ્ઠાપૂર્વક કરવું જોઈએ, એ જ સાચું કર્મ.’’ (પા.41)- આ પ્રકારની દૃષ્ટાંતશૈલી વાચકને પણ મદદરૂપ બની રહે છે. દૃષ્ટાંત શૈલીની સાથેસાથે આવતા સુવિચારો પણ આ પુસ્તકનું મહત્ત્વ વધારે છે. ‘‘પ્રેમ તમને ઉચ્ચ સ્થાને બેસાડે છે સાથે સાથે તમને ક્રોસ પર પણ ચડાવે છે.’’ (પા.26) ‘‘પ્રેમ વિના કામ કરવા કરતાં ભીખ માગવી સારી.’’ (પા.41) વગેરે સુવિચારો સરળ રીતે લેખકના કથનને સ્પષ્ટ કરે છે. પરિણય-લગ્નમાં વ્યક્તિ સ્વાતંત્ર્યનું મહત્ત્વ કેટલું? આ સંબંધમાં વ્યક્તિ સ્વાતંત્ર્ય રહી શકે કે કેમ? જિબ્રાનની વાણી સરળ રીતે સમજાવે છે,’’ સાથે રહીને પતિ-પત્ની એકબીજાને વ્યક્તિગત અવકાશ આપે એ લગ્નમાં આદર્શ સ્થિતિ છે. પતિ પોતાની રુચિનાં ક્ષેત્રો પસંદ કરવા માટે સ્વતંત્ર હોવો જોઈએ તેમ પત્નીને પણ પોતાની રુચિ અનુસાર પ્રવૃત્તિનું ક્ષેત્ર પસંદ કરવાનું સ્વાતંત્ર્ય હોવું જોઈએ.’’ (પા.26)

આ પુસ્તક સરળ રીતે ચિંતનને રજૂ કરે છે. આ સરળતાનો અનુભવ કરાવવામાં અનુવાદકનો ફાળો પણ મોટો છે. ‘જીવનપાથેય’ સુવાચ્ય અનુવાદ છે અને ભાષાની પ્રાસાદિક્તાનો અનુભવ પણ કરાવે છે. નીના ભાવનગરી આ પુસ્તકનું મહત્ત્વ આ શબ્દોમાં વ્યક્ત કરે છે. ‘‘જિબ્રાનની જીવનવિષયક ફિલસૂફીનો મહત્ત્વનો વિશેષ એ છે કે એમાં ક્યાંય ભૌતિક જીવનનો, શારીરિક સુખસગવડો, ઈન્દ્રિયજન્ય ખુશીઓનો ઇન્કાર નથી પણ એ બધાંથી ઉપર ઊઠીને પરમને પામવાનો- ઈશ્વરીય વ્યાપક પ્રેમને આલિંગવાનો આગ્રહ છે.’’ (પા. 16) સુરતના તત્કાલીન પોલીસ કમિશનર અજયકુમાર તોમરે પુસ્તકની વિશેષતા બતાવી છે, ‘‘સુગમ, સરળ ભાષામાં આવી લયબદ્ધતા, સંગીતમય જાદુ અને આટલું આધ્યાત્મિક ઊંડાણ તમને ભાગ્યે જ કોઈ બીજા પુસ્તકમાં અનુભવાય.’’ (પા.07)

વિશ્વ સાહિત્યની એક પ્રશિષ્ટ કૃતિનો સો વર્ષે વધુ એક સુવાચ્ય અનુવાદ સુરતના કલરટેક્ષના જયંતિભાઈ જરીવાળાના સહયોગથી પ્રગટ થાય છે, એને પણ એક સુ-ઘટના તરીકે નોંધવી જોઈએ.

**[જીવનપાથેય, ખલીલ જિબ્રાન, અનુ.-નીના ભાવનગરી,2023]**

## મિતાક્ષર - કર્ટનકોલનો રણકાર




સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજિત નાટ્યસ્પર્ધા વિશ્વમાં એ રીતે નોંધપાત્ર છે, કે આટલાં વર્ષોથી કોઈ મહાનગરપાલિકા આ રીતે નાટ્યસ્પર્ધા કરતી નથી તો ‘ગુજરાતમિત્ર’ અખબારની ‘કર્ટનકોલ’ કોલમ એ દક્ષિણ ગુજરાતની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું પ્રતિબિંબ પાડતી રહી છે.

આ કોલમમાં નિયમિતપણે પ્રવીણ સરાધીઆ નાટ્યપ્રવૃત્તિ સહિત અન્ય પ્રવૃત્તિઓના અહેવાલ આપતા રહ્યા છે. પ્રેક્ષકોની નજરે એમણે ભજવાયેલાં નાટકોની ટૂંકમાં સમીક્ષાઓ પણ કરી છે. પ્રવીણભાઈનું એ કાર્ય ‘કર્ટનકોલનો રણકાર’ પુસ્તક નામે પ્રગટ થાય છે, એ આવકાર્ય છે. ‘સુરતની સાંસ્કૃતિક કળાનું અજવાળું તરીકે આ પુસ્તકની ઓળખ આપવામાં આવી છે, એ પણ સાચું છે.

20 સપ્ટેમ્બર 1998માં સુરતની 26મી ત્રિઅંકી નાટ્યસ્પર્ધામાં રજૂ થયેલાં નાટકોની સમીક્ષા છે. 08 ઓક્ટોબર, 2019 નાટ્યસ્પર્ધાનાં પચાસ વર્ષ થાય છે ત્યાં સુધીની સફરનો આલેખ અહીં મળે છે. છેલ્લાં ત્રીસેક વર્ષથી સુરત મહાનગરપાલિકાની સ્પર્ધામાં કઈ સ્પર્ધામાં કેટલાં નાટકો ભજવાયાં, કઈ સંસ્થા વિજેતા બની, કયા કલાકારો સન્માનિત થયા, નિર્ણાયકો કોણ હતાં- આ બધી વિગતો અહીંથી સાંપડે છે, જે આ પુસ્તકનું મૂલ્ય પણ વધારે છે.

અહીં દસ્તાવેજીકરણ થયું છે એ અગત્યનું છે. કયા નાટકમાં કયો કલાકાર કઈ ભૂમિકા ભજવે છે, એ વિગતોનું દસ્તાવેજી મૂલ્ય રહ્યું છે. અહીં માત્ર નાટ્યસ્પર્ધાની જ વાત નથી પણ પુસ્તક વિશેના આસ્વાદ, ચિત્રકળા, કવિસંમેલનો વગેરેના અહેવાલ પણ પ્રાપ્ત થાય છે. છેલ્લાં ત્રીસેક વર્ષમાં સુરતમાં થયેલી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની ઝાંખી આ પુસ્તક કરાવે છે. રંગભૂમિ વિશે અભ્યાસ કરનારાઓ માટે આ દસ્તાવેજી પુસ્તક ઉપયોગી થાય એમ છે.

**[કર્ટનકોલનો રણકાર, પ્રવીણ સરાધીઆ, વિજયા ગ્રાફિક્સ એન્ડ પબ્લિકેશન, સુરત. માર્ચ 2022. મૂ.રૂ.725]**

## સાહિત્યિક ગતિવિધિ

» શિયાળાની ઋતુમાં યાયાવર પક્ષીઓની જેમ વિદેશમાં વસતાં ઘણાં ગુજરાતી સાહિત્યકારો વતનની મુલાકાતે આવતાં હોય છે. મધુ રાય, પન્ના નાયક, નટવર ગાંધી, પ્રીતિ સેનગુપ્તા વગેરે સર્જકો હાલ ગુજરાતમાં છે. અદમ ટંકારવી પણ આવ્યા છે. બાબુ સુથાર આવીને ગયા. આ સર્જકોને કેન્દ્રમાં રાખીને ગુજરાતનાં શહેરોમાં સાહિત્યિક કાર્યક્રમો યોજાતા રહે છે. મધુ રાયને કેન્દ્રમાં રાખીને સુરતમાં ગુજરાતી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, નર્મદ સાહિત્ય સભા અને સ્પા ગ્રુપ દ્વારા કાર્યક્રમો યોજાવાના છે કે યોજાઈ ગયા. અદમ ટંકારવીના કાવ્યપઠનના કાર્યક્રમો પણ યોજાઈ રહ્યા છે. પન્ના નાયકને એક સરસ કાર્યક્રમો નવજીવન ટોક્સ અંતર્ગત અમદાવાદ યોજાયો હતો. એમ જ પ્રીતિ સેનગુપ્તાને કેન્દ્રમાં રાખીને પણ કાર્યક્રમ યોજાયો છે. ટૂંકમાં, હમણાં ગુજરાતમાં ડાયસ્પોરિક સાહિત્યિક વાતાવરણ છે.

» કવિ-સંગત પારિતોષિક, વડોદરાના 2022 અને 2023 ના પારિતોષિકનો કાર્યક્રમ 17 ફેબ્રુઆરીએ યોજાવાનો છે. 2022નું પારિતોષિક ‘હજી હું ત્યાં જ ઊભો છું’ સંગ્રહ માટે દિનેશ ડોંગરેને પ્રાપ્ત થશે. 2023નું પારિતોષિક (સંયુક્ત) ‘વિચાર્યું પણ કદી નહોતું’ માટે ગુલામ અબ્બાસ ‘નાશાદ’ને અને ‘લયાનુભૂતિ’ માટે હરીશ શાહને પ્રાપ્ત થશે.

» આહીર વિદ્યામંડળ દ્વારા પ્રકાશિત ‘વિ-વિદ્યાનગર’ સામયિક અને નલિની અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે નવલિકાલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં પ્રથમ પાંચ વિજેતા ઉપરાંત દસ પ્રોત્સાહન ઈનામો આપવામાં આવશે. 30 માર્ચ સુધી નવલિકા વી.એમ. પરમાર, આચાર્યશ્રી નલિની અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ, વલ્લભવિદ્યાનગરને મોકલવાની રહેશે.

» ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા નવોદિત વાર્તાકારો માટે નવલિકાલેખન શિબિરનું આયોજન થયું છે. 01 થી 03 માર્ચ દરમિયાન ભુજ, કચ્છ ખાતે આ શિબિરનું આયોજન થયું છે. રસ ધરાવનારાઓ ગુજરાત સાહિત્ય અકાદમીની વેબસાઈટ પરથી અગિયાર ફેબ્રુઆરી સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે.

» સુરતના જાણીતા કવિ નયન હ. દેસાઈની સ્મૃતિમાં ગુફ્તેગુ કાવ્ય ગોષ્ઠી દ્વારા ગઝલસ્પર્ધાનું આયોજન થયું હતું. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે અલ્પા વસી, મુંબઈ, દ્વિતીય ક્રમે બાલકૃષ્ણ સોનેજા, અમદાવાદ, તૃતીય ક્રમે દક્ષા રંજન, અમદાવાદ વિજેતા જાહેર થયાં હતાં. ઉપરાંત બે પ્રોત્સાહન ઇનામો દીપકસિંહ સોલંકી ‘દીપ’, આણંદ અને માર્ગી દોશી, અમદાવાદ જાહેર થયાં હતાં. સ્પર્ધાના નિર્ણાયક તરીકે જાણીતા કવિ રઈશ મનીઆરે ભૂમિકા ભજવી હતી.

## ચર્ચાપત્ર

### લોકશાહી કે મોદીશાહી?

500 વર્ષ પછી અયોધ્યામાં રામલલા ફરી બિરાજમાન થયા અને તા. 22 જાન્યુઆરીના રોજ શ્રીરામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ જાણે એક ઐતિહાસિક ઘટના સાબિત થઇ છે. દેશ વિદેશમાં દિવાળી જેવો માહોલ સર્જાયો. દેશનાં શહેર ગામડાં રામમય બની ગયાં. ટી.વી. વિડિયો મિડિયામાં મોદી જ છવાયેલા રહ્યા અને ભરપૂર કવરેજ આપીને ધર્મ સત્તા કરતાં રાજ સત્તાને વધુ પ્રાધાન્ય આપ્યું. પ્રધાનમંત્રી મોદી જાણે વન-મેન-શો જેવા લાગ્યા. અયોધ્યામાં ટોચના ઉદ્યોગપતિઓ ઉપરાંત અમિતાભ બચ્ચન સહિતનાં કલાકારો હાજર રહ્યાં હતાં. ચાર શંકરાચાર્યો તથા વિપક્ષો હાજર ન રહ્યા તે અપેક્ષિત હતું. 1990માં જેણે રથયાત્રા કાઢી હતી એવા પીઢ નેતા અડવાણી, મુરલી મનોહર જોશી જેવાને કોરાણે કાઢી નાંખ્યા. અમિત શાહ, નીતિન ગડકરી જોવા મળ્યા પરંતુ સત્તાધારી ભાજપના મંત્રીઓને સ્થાન ન મળ્યું. વન-મેન-શોની જેમ મોદી જ છવાઈ ગયા. શ્રી રામ મંદિર સ્થાપના પછી રામ રાજય આવશે કે પછી મોદી ત્રીજી વાર ચુંટાઇને લોકશાહી દેશ છતાં મોદીશાહી જ ચલાવશે?

**તરસાડા- પ્રવીણસિંહ મહીડા**

### MSME-આઈટી નિયમ અને ‘દિવાળી ચૂકતે’પ્રથા

MSME એક્ટ હેઠળ નોંધાયેલા વેપારી અને ઉદ્યોગકારો માટે આવકવેરાની નવી જોગવાઈઓને લીધે સુરતના વિવિંગ ઉદ્યોગ અને કાપડના વેપારીઓ ને વ્યાપક અસર થઈ છે. ૪૫ દિવસમાં પેમેન્ટ ચુકતે કરવાની જોગવાઈ ના કારણે વ્યાપાર પર અસર જોવા મળી રહી છે. વર્ષો પહેલા સુરત નાનું હતું ત્યારે કાપડ વિવિંગ અને ડાઈંગ સુરતનો મુખ્ય ઉદ્યોગ હતો. કોટ વિસ્તાર ના પરા ઓમાં ઘરે ઘરે કાપડ ઉદ્યોગ ધમધમતો હતો. ત્યારે નાણાકીય વર્ષ દિવાળી થી દિવાળી ગણાતું હતું. વિવરો દિવાળી પર બધું પેમેન્ટ ચુકતે કરી દેતા હતા. જ્યારે ડાઈંગ મીલો દ્વારા પણ કેમિકલ્સ અને અન્ય નું પેમેન્ટ દિવાળી માં ચુકતે કરી દેવામાં આવતું હતું. જેમ જેમ કાપડ ઉદ્યોગ નો વિકાસ થયો પરિણામે વેપાર માં સ્પર્ધા વધવાથી ઉધારી વધતી ગઈ. ૩૧મી માર્ચ નું નાણાકીય વર્ષ આવવાથી દિવાળી ચૂકતે ની પ્રથા બંધ થઈ ગઈ. હવે નવા રંગરૂપ સાથે ૪૫ દિવસ નો નિયમ ‘૩૧મી માર્ચ ચુકતે’ કહી શકાય.

**સુરત - કિરીટ મેઘાવાલા**

### ન્યાયધીશો નીમવાની કઇ પધ્ધતિ વધુ યોગ્ય?

હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટમાં જજોની નિમણૂંકમાં આખરી સત્તા મુખ્ય ન્યાયધીશ દ્વારા રચિત કોલેજીયમની છે કે સરકારની એ પાંચ પાંચ સુપ્રીમ કોર્ટના ચુકાદા છતાં આખરી રીતે નિર્ણિત થતું નથી. હાલમાં જ આર્ટિકલ 370નો ચુકાદો આપી નિવૃત્ત થયેલ જસ્ટીશ સંજય કિશન કોલે, કોલેજીયમ પ્રથાને યોગ્ય ન ઠેરવી અને એમાં સરકાર કહે તેમ થાય છે એવું જણાવ્યું. અગાઉ નિવૃત્ત થયેલા સુપ્રીમ કોર્ટના ઘણા ન્યાયાધીશોએ કોલેજીયમ પ્રથાને યોગ્ય પધ્ધતિ ગણાવી ન હતી. કોલેજીયમ પ્રથા એટલે એમાં ભારતના મુખ્યાય ન્યાયધીશ, બીજા ત્રણ સિનિયર ન્યાયાધિશો, કાયદા મંત્રી, એના સભ્ય હોય છે અને તેની ભલામણ સરકારને મોકલવામાં આવે છે. કોની નિમણુંક સ્વીકારી એ આખરી સત્તા સરકારની છે. આ પ્રક્રિયાને રદ કરી એનડીએ સરકારે એનજેએસી નેશનલ જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ કમિશન બનાવેલું જેમાં જજો ઉપરાંત વિરોધ પક્ષના નેતા, પ્રતિષ્ઠીત કાયદાવિદ અને અન્ય બે નામોની બનેલું પંચ નામ સરકારને સૂચવે અને તે નામ સરકારે ફરજીયાત સ્વીકારવાનું રહે એવી વ્યવસ્થા હતી. આ બીલ બની ગૃહમાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું અને 20 જેટલા રાજયોએ પણ એમાં સંમતિ આપી. પરંતુ એ બિલ સુપ્રીમ કોર્ટના પાંચ જજોએ ગેરબંધારણીય ઠરાવી રદ કર્યું અને એવું કહ્યુન કે એમાં ન્યાયતંત્રની સ્વતંત્રતા જોખમાય છે અને સરકારના પ્રતિનિધિઓની બહુમતિ રહેવાથી નિમણુંકની આખરી પસંદગી સરકારની જ રહેશે. આ પ્રકારનું અર્થઘટન થયું. એનજેએઇ રદ કરી ભારતની સુપ્રીમ કોર્ટે મોટી ભૂલ કરી. દેશની બહુમતિ કરતા વધારે પ્રજા તેના ચૂંટાયેલા વિવિધ પક્ષોના પ્રતિનિધિઓ દ્વારા બંધારણીય પ્રક્રિયા દ્વારા એક કાયદો બનાવે અને તેને સુપ્રીમ કોર્ટના પાંચ ન્યાયાધીશો રદ કરી દે એની ટીકા પણ થઈ. આખરે એ જ કોર્ટના ઘણા ન્યાયાધીશોને એવું મહેસુસ થાય છે કે એનજેએઇ બિલ સારું હતું. મુળ તો બંધારણે જ જયારે આખરી સત્તા કોઇને આપી નથી અને મુખ્ય ન્યાયાધીશ અને રાષ્ટ્રપતિએ મસલત કરી યોગ્ય વ્યકિતની નિમણૂંક કરવાની છે એવું ઠરાવ્યું હોવા છતાં બિનજરૂરી વ્યવસ્થાનો અને અર્થઘટનો દ્વારા આ સત્તાની યોગ્યતા અને પ્રશ્નો ઉભા થાય છે. ભારતની હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટમાં યોગ્ય વ્યકિતની પસંદગી ન્યાયાધીશ તરીકે થવી જોઈએ એ જરૂરી છે. નહિ કે આ સત્તા કોણ વાપરે છે અને કોની પાસે આખરી છે. આ વિવાદને મંડપથી સુધારવાની જરૂર છે.

**નવસારી - ડો. વિક્રમ દેસા**

### આપણે બદલાઈ રહ્યા છે કે દેશ બદલાઈ રહ્યો છે?

આજે પણ દેશનાં સેંકડો ગામોમાં વીજળી નથી અને ગામડાંવાસીઓને ડિજિટલ ઈન્ડિયાનાં સપનાં બતાવાઈ રહ્યાં છે.ગામડાંઓમાં પાકી સડક અને ગટર ડ્રેનેજ લાઈન આઝાદીનાં ૭૬ વરસ પછી પણ નાખી શક્યા નથી. પેટ ભરવા માટેનો લોટ મોંઘો કરવામાં આવી રહ્યો છે અને માનીતી કંપનીઓના લાભાર્થે ડેટા સસ્તો કરવામાં આવી રહ્યો છે. મધ્યમ વર્ગ જે આશરે ૯૦ કરોડ છે તેમને પેટ ભરવા સસ્તો આટો જોઈએ કે સસ્તો ડેટા જોઈએ? જાતિની ગંદકી આપણા મગજમાં છે અને સ્વચ્છ ભારત અભિયાન ચલાવવામાં આવે છે. એક પણ ટ્રેન સમયસર આવતી નથી. ટ્રેન અક્સ્માતો રોકવા શું કરવું જોઈએ એ વિચારવાને બદલે બુલેટ ટ્રેનની વાતો કરવામાં આવે છે.કોઈ કોઈ વખતે સમજમાં આવતું નથી કે આ બધું આપણા દેશમાં શું ચાલી રહ્યું છે? પેટ ખાલી છે અને યોગા કરવા પડે છે, ખિસ્સા ખાલી છે અને ખાતાં ખોલવામાં આવી રહ્યાં છે.રહેવા માટે માથા પર છત નથી અને શૌચાલય બનાવી આપવાની વાતો થાય છે. રોજેરોજ માથાદીઠ દેવું વધતું જાય છે અને વિકાસની ગાથા કહેવામાં આવી રહી છે. યુવતીઓને ગર્ભશ્રીમંત નબીરો જોઈએ છે અને શિક્ષિત ગ્રેજ્યુએટ બેકાર યુવાનો છોકરી દારૂ સિગારેટ ડ્રગ્સ પીવામાંથી ઊંચાં આવતાં નથી.પોલીસો લાંચ લઈ ગુજારો કરે છે કેમ કે પગારમાં પૂરું થતું નથી. ખેડૂતો દેવું વધતાં છેવટે કંટાળીને આત્મહત્યા કરી રહ્યા છે.સરહદ પર જવાનો ગોળી ખાઇ રહ્યા છે અને રાજકારણીઓ માલ મલીદા ખાઈ રહ્યા છે. ધોરણ પાંચ કે સાત ભણેલા દેશ ચલાવી રહ્યા છે અને યુવાનો મોબાઈલમાં ગ્રુપ ગ્રુપ રમી રહ્યા છે.ફાલતુ મેસેજો કરી રહ્યા છે જેમ કે આ મેસેજ ૧૦ વ્યક્તિઓને ફોરવર્ડ કરો નહીં તો નુકસાન થશે અને કરશો તો સાંજ સુધી તમને ફાયદો થશે.જો આવી રીતે માત્ર મેસેજ મોકલવાથી ફાયદો થતો હોય તો બધી શાળા કોલેજ દુકાનો ઓફિસો મિલો કારખાનાં બંધ કરી દો, ઘરે બેસીને માત્ર મેસેજ જ ફોરવર્ડ કર્યા કરો. વિચારોમાં પરિવર્તન લાવો, સોચ બદલો ઉમંગ ઉત્સાહથી લાગી પડો.માવા ગુટખા સિગારેટ ફૂંકવાનું બંધ કરો, કંઈ નક્કર કરો, કંઈ ચોક્કસ કરો, પછી જોજો કે આપણે બદલાયા કે આપણો દેશ બદલાયો?

**સુરત - અબ્બાસભાઈ કૌકાવાલા**

### મોબાઈલ જો ત્રીજી આંખ છે ને તે અંધાપો લાવે છે

મોબાઈલ એટલે આજના માનવની ત્રીજી આંખ. મોબાઈલ ફોનનું વળગણ હદ વટાવી ગયું છે. ઘરના માણસો સાથે વાત કરવાની ફુરસદ નથી, મોઢા માનવીના મોબાઈલમાં ખુપી ગયા છે. લોકો એક બીજાના ઘરે જતા બંધ થઇ ગયા છે. મોબાઈલ ચેટીંગ અને મોબાઈલ વોટસઅપ કોલીંગથી મળ્યાનો આનંદ માણી લે છે અને મોબાઈલ અને સોશ્યલ મીડીયા એક બીજાના દોસ્ત બની ગયા છે એવું કહો તો ખોટું નથી. દારૂ અને તમાકુના વ્યસનથી અનેક ગણું વ્યસન મોબાઈલનું છે. હા એક વાત સારી છે સીસીટીવીના ફુટેજ જોવા, પૈસાનું ટ્રાન્જેકશનની આપલે કરવી અને ગુગલ સર્ચ કરવું એ આપણું કામ આસાન કરી દે છે. માણસ માણસને ભુલી ગયા છે. ટીનએજર્સ કે યંગસ્ટર્સ નહીં બધી જ ઉંમરના લોકોને આ રોગ છે. આખું ટીવી મોબાઈલમાં કેદ થઈ ગયું છે. કાનમાં ઈયર પ્લગ નાખીને ફરતા જુવાનીયાને મારી રીકવેસ્ટ છે કે પાછળથી હોર્નના અવાજ પણ નથી સંભળાતો ને એકસીડન્ટના ભોગ બને છે. મોબાઈલ ફોનનો ઉપયોગ વિવેકપૂર્વક કરવો જોઈએ એને ત્રીજી આંખ નહીં બનાવો. નુકસાન આપણને જ છે.

**સુરત - તૃષાર શાહ**